# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- રાજ્યમાં આવતીકાલે લોકસભાની સામાન્ય ચૂંટણી અને પાંચ વિધાનસભાની પેટાચૂંટણી માટે મતગણતરી હાથ ધરાશે - તમામ મતગણતરી કેન્દ્રો પર ત્રિ-સ્તરીય સુરક્ષા બંદોબસ્ત
- અમૂલ દૂધમાં આજથી પ્રતિલિટર બે રૂપિયાનો વધારો
- રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી વાતાવરણ સુકું રહેશે - ચોમાસું 15 જૂનથી શરૂ થવાની સંભાવના
- 23 જૂને યોજાનારી અનુસ્નાતક નીટ પરીક્ષા માટે ફોર્મ સુધારવાનો આજે છેલ્લો દિવસ છે. - UGC નેટની પરીક્ષા આગામી 18 જૂને યોજાશે.
- નર્મદા સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે આવતીકાલથી દરરોજ સાંજે લેસર શૉ સાંજે 7.45 વાગ્યે અને નર્મદા મહાઆરતી સાંજે સાત વાગ્યે શરૂ થશે.
- અમદાવાદમાં યોજાનારી ભગવાન જગન્નાથની રથયાત્રાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગઇકાલે શહેરના પોલીસ કમિશનરે મંદિરના ટ્રસ્ટીઓ અને મુખ્ય પૂજારીની સાથે બેઠક યોજી

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# MAT GANATRI

રાજ્યભરમાં આવતીકાલે લોકસભાની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની પાંચ બેઠક માટે યોજાયેલી પેટાચૂંટણીની 25 મતગણતરી કેન્દ્ર પર મતગણતરી થશે. આ મતગણતરી અંગે પોલીસ મહાનિદેશક શમશેર સિંઘ અને લોકસભા ચૂંટણીના પોલીસ નોડલ અધિકારી દ્વારા તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા તેમ જ પોલીસ અધિક્ષકોને ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવા સૂચના આપવામાં આવી છે.

રાજ્યના તમામ મતગણતરી કેન્દ્ર પર ત્રિ-સ્તરીય બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આવતીકાલે મતગણતરી રૂમ પર C.A.P.F., મતગણતરી બિલ્ડીંગમાં S.R.P.F.ની કંપનીઓ તેમ જ મતગણતરી બિલ્ડીંગના બહારના ભાગે ટ્રાફિક, પાર્કિંગ વ્યવસ્થા અને જરૂરી બંદોબસ્ત સ્થાનિક પોલીસ દ્વારા ગોઠવવામાં આવ્યો છે.

મતગણતરી કેન્દ્ર ખાતે વાહનોના પ્રવેશ-પ્રતિબંધ સંદર્ભે ટ્રાફિક અને પાર્કિંગ વ્યવસ્થા અંગે જરૂરી વ્યવસ્થા ગોઠવવા, વિવિધ એજન્સીઓ સાથે સંકલન રાખી મતગણતરી કેન્દ્ર ખાતે એન્ટી સબોટેજ ચેકિંગ તેમ જ ભીડ નિયંત્રણ અર્થે યોગ્ય બેરિકેડીંગ રાખવા જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

- PTC – PRAVESH.

ગાંધીનગર -(નવીન)

# A'VAD- OBSERVER VISIT

અમદાવાદની પૂર્વ લોકસભાની બેઠકના કેન્દ્રીય ચૂંટણી પંચના નિરીક્ષક અભિનવ ચંદ્રાએ મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને તૈયારીઓની સમીક્ષા કરી હતી.

આવતીકાલે અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ ખાતે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકની મતગણતરી યોજાશે.. નિરીક્ષક શ્રી ચંદ્રાએ કેન્દ્રની મુલાકાત લઈને મતગણતરી અંગેની વ્યવસ્થાઓ તથા સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓ નિહાળી હતી તેમજ આ બાબતે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

---------------------------------------------------------------------

-રીપીટ

# GUJ. MATGANTRI DIST.

ગાંધીનગર જીલ્લા કલેક્ટર મેહૂલ દવેએ જણાવ્યું છે કે, ગાંધીનગર વિસ્તારની મતગણતરી સેક્ટર-15 કોમર્સ અને આર્ટસ કોલેજમાં યોજાશે..

સુરેન્દ્રનગર જિલ્લા મેજિસ્ટ્રેટ કે. સી. સંપટે આવતીકાલે લોકસભા ચૂંટણી માટે યોજાનારી મતગણતરીને ધ્યાનમાં રાખી ચોથી જૂનને ‘ડ્રાય ડે’ જાહેર કર્યો છે.

પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, પંચમહાલ લોકસભા બેઠકમાં કુલ ૧૫૫ રાઉન્ડમાં મતગણતરી યોજાશે, જેમાં કુલ ૧૧ લાખ ૧૬ હજાર ૧૭૧ ઇ.વી.એમ.ના મતો અને ૧૫ હજાર ૯૭૨ પોસ્ટલ બેલેટની મતગણતરી કરવામાં આવશે..

ખેડા લોકસભા બેઠક માટે માતરની ITI પલાણા ખાતે મતગણતરી થશે.. કુલ 7 વિધાનસભા મત વિભાગના 7 કાઉન્ટિંગ હોલ, પોસ્ટલ બેલેટની ગણતરી માટે 2 કાઉન્ટિંગ હોલ તૈયાર કરાયા છે.

તો વલસાડ કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી આયુષ ઓકે મતગણતરીની તમામ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

ભાવનગરના વિદ્યાનગર વિસ્તારમાં આવેલી સરકારી ઇજનેરી મહાવિદ્યાલયમાં મતગણતરી યોજાશે.

પોરબંદરમાં પોલિટેકનિક મહાવિદ્યાલયમાં મતગણતરી વખતે ત્રિસ્તરીય સુરક્ષા બંદોબસ્ત ગોઠવાશે..કેન્દ્રશાસિત પ્રદેશ દમણ- દીવ અને દાદરાનગર હવેલીમાં મતગણતરીની તમામ તૈયારીઓ પૂરી થઈ છે.

---

-રીપીટી પીટીસી, સુરેન્દ્રનગર, પ્રવેશ -(નવીન)

# Amul milk

ગુજરાત સહકારી દૂધ વિતરણ સંઘ દ્વારા અમૂલ દૂધમાં આજથી પ્રતિલિટર બે રૂપિયાનો વધારો જાહેર કરવામાં આવ્યો છે. નવા ભાવ મુજબ 500 મીલી અમૂલ ગોલ્ડ 33 રૂપિયા, શક્તિ 30 રૂપિયા અને ભેંસનું દૂધ 36 રૂપિયામાં મળશે. અમૂલે અગાઉ ફેબ્રુઆરી 2023માં દૂધની કિંમતમાં વધારો કર્યો હતો.

--------------------------------------------------------------------

-પુલ, નિકીતા -(નવીન)

# WEATHER UPDATE

રાજ્યના હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ સુધી વાતાવરણ સુકું રહેશે અને રાજ્યમાં ચોમાસું 15 જૂનથી શરૂ થવાની સંભાવના છે. ઉપરાંત આગામી સમયમાં અમદાવાદ શહેરમાં 20થી 25 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાઈ શકે છે.

કરછના દરિયાકાંઠે ભારે પવન ફુંકાવાની આગાહીના પગલે માંડવી બીચ પર સામાન્ય લોકોને આગામી સાત જૂન સુધી દરિયામાં સ્નાન કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

દરમિયાન રાજ્યમાં ગરમીનો પારો ધીમે ધીમે ઘટતો જાય છે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિય મહત્તમ તાપમાન અમદાવાદ, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં નોંધાયું હતું. જ્યારે ભાવનગરમાં 41, વલ્લભ વિદ્યાનગર, રાજકોટ અને અમરેલીમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે અન્ય શહેર અને જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી ઓછું રહ્યું હતું.

---

- SOURCE – IMD AHMEDABAD – PRAVESH -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# NEET EXAM

23 જૂને યોજાનારી અનુસ્નાતક નીટ પરીક્ષા માટે ફોર્મ સુધારવાનો આજે છેલ્લો દિવસ છે. આ પરીક્ષા માટે અરજી કરી હોય તેવા વિદ્યાર્થીઓ પોતાના ફોટો અને હસ્તાક્ષરમાં ફેરફાર કરી શકશે.

આ સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટમાં પ્રવેશ માટે 15 જૂન સુધી અરજી કરી શકશે. CSIIT પરીક્ષા આગામી છ જુલાઈએ યોજાશે.

---------------------------------------------------------------------

-ન્યુઝપેપર, નિકીતા -(નવીન)

# UGC NET

NTA દ્વારા UGC નેટ પરીક્ષા આગામી 18 જૂને યોજાશે. બે શિફ્ટમાં યોજાનારી આ પરીક્ષા દેશના 360 શહેરમાં લેવાશે. આ પરીક્ષામાં 83 વિષય હશે. ઉમેદવારો આ અંગેની વિસ્તૃત જાણકારી વેબસાઈટ **ugcnet.ac.in** પરથી મેળવી શકશે.

---------------------------------------------------------------------

-ન્યુઝપેપર, નિકીતા -(નવીન)

# NARMADA MAHA AARTI

નર્મદા સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે આવતીકાલથી દરરોજ સાંજે લેસર શૉ સાડા સાત વાગ્યાની જગ્યાએ 7.45 વાગ્યાથી શરૂ થશે. જ્યારે નર્મદા મહાઆરતી 8 વાગ્યાની જગ્યાએ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

પ્રવાસીઓ મહાઆરતીમાં પણ ભાગ લઈ શકે તે માટે સ્ટેચ્યૂ ઑફ યુનિટી સંકુલની બાજુમાં આવેલા બસ સ્ટેશન ખાતેથી નર્મદા મહાઆરતી સ્થળે પહોંચવા પ્લેટફોર્મ નંબર પાંચ અને છથી બસ સેવા નિઃશુલ્ક ધોરણે ઉપલબ્ધ થશે. તેમ જ મહાઆરતી પૂર્ણ થતાં વિવિધ પાર્કિંગ સ્થળે પહોંચવા માટે પણ બસ સુવિધા પ્રવાસીઓ માટે ઉપલબ્ધ કરવા સુચારું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રૉજેક્શન મેપિંગ શૉ અને નર્મદા મહાઆરતીના સમયમાં કરાયેલો ફેરફાર આવતીકાલથી અમલમાં આવશે.

---

- PTC – NARMADA – PRAVESH

-(નવીન)

# RATHYATRA

અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા આગામી સાતમી જુલાઇએ નીકળશે.. રથયાત્રા અને મંદિરની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગઇકાલે અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જી.એસ. મલિકે જમાલપુર જગન્નાથ મંદિરમાં ટ્રસ્ટીઓ અને મુખ્ય પૂજારીની સાથે બેઠક કરી હતી. તેમણે ભગવાન જગન્નાથજીના દર્શન પણ કર્યા હતા.. પોલીસ કમિશનરની સાથે અન્ય પોલીસ અધિકારીઓ પણ જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, જગન્નાથ મંદિરેથી દર વર્ષે અષાઢી બીજે નીકળતી રથયાત્રામાં લાખો લોકો ઉપસ્થિત રહે છે. શ્રધ્ધાળુઓની સુરક્ષા અંગે કમિશ્નરે અમદાવાદ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓ અને મંદિરના મહંત દિલીપદાસ મહારાજ અને ટ્રસ્ટી મહેન્દ્ર ઝા સાથે બેઠક કરી હતી.

ભાવનગરમાં સંતો, મહંતો અને આગેવાનોની ઉપસ્થિતિમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા કાર્યાલયનું ઉદ્ઘાટન અને ધ્વજારોહણ કરાયું..

---

-રીપીટ

# RAJKOT FIRE TALIM

રાજકોટમાં જસદણ તાલુકા સેવા સદન ખાતે ફાયર મોકડ્રીલ યોજવામાં આવી હતી.

જસદણના પ્રાન્ત અધિકારીએ યાદીમાં જણાવ્યું કે, જસદણ નગરપાલિકાના અગ્નિશામક દળના જવાનોએ તાલુકા સેવા સદનના કર્મચારીઓને આકસ્મિક આગ લાગે તો તાત્કાલિક કઈ રીતે કાબૂ મેળવવો, આગની દુર્ઘટના સમયે કેવા સાવચેતીના પગલા લેવાથી જાનહાની ટાળી શકાય, ફાયર એક્સ્ટિંગ્યૂશરને કઈ રીતે ચલાવવું તે બધા બાબતો અંગે માહિતી આપી હતી

---

- SOURCE - RAJKOT INFO – PRAVESH. -(નવીન)

# KUNDA

મહીસાગર જિલ્લા વનવિભાગે વન્ય પ્રાણીઓને સરળતાથી પીવાનું પાણી મળી રહે તે માટે  કૃત્રિમ કુંડ બનાવી વ્યવસ્થા કરી છે.

ઉલ્લેખનીય છે કે, નાયબ વન સંરક્ષક નેવીલ ચૌધરીના માર્ગદર્શન હેઠળ વન્ય જીવો પાણી જેવી પ્રાથમિક જરૂરિયાત સંતોષી શકે તે માટે આ કૃત્રિમ કુંડ સમયાંતરે ટેન્કર મારફતે પાણીથી છલકાવવામાં આવે છે.

--------------------------------------------------------------------------

-ડીડી પ્રવેશ, -(નવીન)

# GANDHINAGAR- CHOLERA UPDATE

ગાંધીનગર જિલ્લા કલેકટર મેહુલ દવેના આદેશ મુજબ, આજે સાંજ સુધીમાં સાડા પાંચ હજાર ઘરોનો સરવે પૂર્ણ થશે... ગઇકાલે જિલ્લા કલેક્ટરે દહેગામના કોલેરાગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી હતી.

કલેક્ટરે તંત્ર દ્વારા કરાયેલા અટકાયતી પગલા વિશે માહિતી મેળવી હતી.. તેમણે આ અવસરે અધિકારીઓની એક બેઠક બોલાવી તાત્કાલિક ધોરણે રોગ અટકાયત કામગીરી કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું..

અત્યાર સુધીમાં કોલેરાગ્રસ્ત વિસ્તારના બે કિલોમીટરના વિસ્તારમાં બે હજાર ઘરોનો સરવે કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

-પીટીસી, ગાંધીનગર, -(નવીન)